# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૧૯ તા. ૧૯-૧૨-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત જિલ્લા કક્ષાના રમતોત્સવમાં વિજેતા બાળકો અને શિક્ષકોને મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત જિલ્લા કક્ષાનો બાળ રમતોત્સવ તા.૨૩-૧૨-૧૫ને બુધવારે એમ.જે. હાઈસ્કૂલ, ગાંધી હોસ્પિટલની સામે, માંડલ રોડ, વિરમગામ ખાતે યોજાનાર છે. તા.૧૧-૧૨-૧૫ને શુક્રવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ દ્વારા ઝોન કક્ષાનો રમતોત્સવ પૂર્ણ થયેલ છે. ઝોન કક્ષામાં વ્યકિતગત તેમજ સાંઘિક રમતોમાં માત્ર પ્રથમ નંબરે વિજેતા થયેલા બાળકો અને શિક્ષકોને ઉપરોકત જિલ્લા કક્ષાના રમતોત્સવમાં ભાગ લેવાનો થાય છે. જિલ્લા કક્ષાનાં રમતોત્સવમાં ભાગ લેવા માટે જવાની વ્યવસ્થા ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ તરફથી કરવામાં આવેલ છે. આથી તમામ ઝોન કક્ષાનાં પ્રથમ નંબરે વિજેતા થયેલ બાળકો અને શિક્ષકોને તા.૨૩-૧૨-૧૫ને બુધવારે સવારે ૬-૩૦ કલાકે સ્કાઉટભવન પાલડી ખાતે ફરજિયાત ઉપસ્થિત રાખવા. તદ્ઉપરાંત રમતોત્સવમાં ભાગ લેનાર બાળકો પાસેથી તેમના વાલીશ્રીનું સંમતિપત્રક નીચે મુજબ ફરજિયાત મેળવીને બાળકને સ્કાઉટભવન મુકવા આવો ત્યારે જવાબદાર અધિકારીને આપવું.

**સંમતિપત્ર**

આથી હું............................................. મારા પાલ્ય ચિ................ કે જે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત ...................... શાળા નં....... માં ધો. :-......... માં અભ્યાસ કરે છે. તેને હું જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત જિલ્લા કક્ષાના વિરમગામ ખાતે તા.૨૩-૧૨-૧૫ના રોજ યોજાનાર બાળરમતોત્સવમાં ભાગ લેવા જવા માટેની રાજીખુશીથી સંમતિ આપું છું.

વાલીની સહી :-.........................

રમતોત્સવમાં આ સાથે નીચે મુજબના જવાબદાર અધિકારી રહેશે. તેઓએ પણ સ્કાઉટભવન સમયસર ઉપસ્થિત રહેવું અને પોતાના ઝોનનાં બાળકોની જવાબદારી નિભાવવી.

| ક્રમ | ઝોનનું નામ | અધિકારીશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | પૂર્વ | શ્રી કિશનસિંહ રાઠોડ |
| ૨ | પશ્ચિમ | શ્રી રાજેશભાઈ આમલીયાર |
| ૩ | ઉત્તર | ડૉ. દિલીપ સાહુ |
| ૪ | દક્ષિણ | શ્રી દિનેશભાઈ કુશવાહ |

તા.૧૯-૧૨-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી